લેઉવા અને કડવા કણબીનો ઝઘડો.

રચનાર.

મંછારામ ઘેલાભાઈ

ગુજરાત મિત્ર તથા દેશી મિત્ર વાળા.

સુરત. વિકટોર્યા પ્રેસમાં

મંછારામ ઘેલાભાઈએ

છાપી પ્રસિદ્ધ કીધી.

સંવત ૧૯૪૪. સને ૧૮૮૭.

કીમત એક આનો.

લેઊવા કણબીનો ઝઘડો.

ગરબો.

રાગ બુરાનપૂરી.

નમુ ગણપતીને પાએ, સુંદર ગરબો આ જોડાએ;
નવ રહે ખાંમી કાંએ, એવો વર આપો—૧.
સહુ સાંભળજો નરનાર, ગરબો ગાઉં છું આ વાર;
થશે સાંભળવામાં પ્યાર, બળશે પાપો—૨.
પાડો તાળી કરી જોર, મને ગાવાનો છે કોહોડ;
કાઢો તાણી મીઠો સોહોર, ડગલાં કાપો—૩.
લેઉવા કડવાનો જે ઝઘડો, જેનો સંપ સરવે બગડયો;
કેમ સંપરાયને તગડયો, પડીયો છાપો—૪.
તેની વીગતો બતાવું, સવીસ્તરે સઘળું ગાઉં;
પાછો સંપ થાવા ચાહું, ટળવા શ્રાપો—૫.
લેઉવા તણી સુણજો વાત, જેની મોટી છે જો ન્યાત;
આખા જગમાં છે વિખ્યાત, શુ ઘણુંરે વદું—૬.

સાખી ૧.

ઘણું વદું શું મૂખથી, લેઉવા નરની વાત;
સંપ હતો સઉમાં ઘણો, તેજ પડયા પ્રછાત.
કેમ પડયા રે કેમ પડયા, અનિડાંરે કેમ પડયા;

કેમ પડ્યા સંપ થકી, તેની વાત કહું નકી;
નથી ખોટું જતો બકી, સુણજો યારો—૧.
સંવત ઓગણી સો બેતાળી, મધે વાત એક ઝાલી;
તું તો સાંભળને આ આલી, ઠરાવ કીધા—૨.
તે ઠરાવો છે ચાર, ગણી બતાવું આ વાર;
તેનો પુરેપુરો સાર, સહુ મન ધરજો—૩.
વેહવાઇ ઘરે મ્રત્યુ થાએ, ત્યારે ઢાંકવાને જાએ;
તેનો ખરચ મોટો થાય, તે નજ કરવો—૪.
પુત્રીના હુલરાણાંમાંએ, સો ને બસો રૂપીયા થાએ;
તેમાં ગરીબ માર્યા જાય, તેમ નજ કરવું—૫.
માટે રૂપીયા એકાવંન, આપી મનાવવું મંન;
ખુશી થયા સહુ જંન, એવો ઠરાવ કરી—૬.

સાખી ૨.

ઠરાવ બીજો એ કરી, ખુશી થયાં નરનાર;
ત્રીજો ઠરાવ એ થયો, તેનો સુણજો સાર.

સાર સુણજો રે સાર સુણજો, અનિહાંરે સાર સુણજો;
સાર સુણજો જગના લોક, કેવી ગુમાવી છે નાક;
કીધી કીરતી સરવે ફોક, માહા ફેર થયો !—૧.
ત્રીજો ઠરાવ એવો કીધો, તે તો બહુ સારો છે સીધો;
સહીયો કરવા કાગળ લીધો, સહીઓ ચીતરી— ૨.
જમાઇ ભાણેજોને મરણે, મોહોકાણીયામાં નારી નરને;
ભોજન દેતા ખાઇ ઠરને, તે બંધ કર્યું—૩.
વળી વેહેવાઇમાં થાએ મોત, માં વાળવાને દેતાં દોટ;

પાછાં ફરતાં પૈસા સોત, વેહેવાણ બાઈ—૪.
એ વાળનારી વેહેવાણ આગે, લાખો પૈસા એમ માગે;
એમ થતું જાગે જાગે, તે તો બંધ કર્યું—૫.
એવા ઠરાવ કીધા ચાર, તેનો કહી બતાવ્યો સાર;
માનો કાણુઓનો ઉપકાર, રૂડું કારજ કર્યું—૬.

સાખા ૩.

કામ કર્યુ એ તો ભલું, પણ નવ ટકીયું તેહ !;
સંપ વિના સરવે થયું, ફોક સમૂળું એહ !.

થયું ફોક રે થયું ફોક, અનિહારે થયું ફોક;
થયું ફોક રૂડું કામ, તેને ધીક્કારે છે ગામ;
એવી જેણુ કીધી હામ, તેની સુણજો વાત—૧.
પારેખ વીજભુખાણનો પૂત, કાળીદાશ એક સૂત;
તેણુ લીધી એક છૂટ, ભંગાણ પડીયું—૨.
તેની સાસુ માહાલીબાઈ, ગઈ જમાઈ ઘેરે ચાહી;
લાખ્યા પૈસા કર સાહી, આપ્યા લીધા—૩.
એમ તોડયો ધારો એક, એ તો ખોટું કીધું છેક;
એને કોણ કેહેશે નેક ?, સારા જનમાં—૪.
એથી પંચ મળી તે ટાંણે, જીવ રાખીને ઠેકાણે;
કીધો ઠરાવ એ પરમાણે, સહુ મન ધરજો—૫.
સવા રૂપીયો ડંડ કીધો, માહાલક્ષ્મીએ તે ન દીધો;
નવ જુવાબ દીધો સીધો, તેથી વાત વધી—૬.

સાખી ૪.

વાત વધીગઇ સેહેજમાં, નવ રહી તે હાથ;
રણસંગ્રામ તો જાગીયું, આવ્યા બાથમબાથ.

બાથમબાથા રે બાથમબાથા, અનિહાંરે બાથમબાથા;
બાથમબાથા હવે ઝામી, લેશ રહી નહીં ખામી;
થઇ ગઇ સામાસામી, સળગી હોળી—૧.
કાળીદાસે મમત કીધો, ડંડ દેવા નવ દીધો;
ભાંગ્યો ખાસો મારગ સીધો, તડ પડીરે ગયાં—૨.
ત્યારે ગોર જાણ ત્રાણ, તેનાં નામો હવે ગાણ;
કેમ રાખું કશર કાણ, ગરબો ગાવા—૩.
દયારામ સુરતી ગોર, ભવાની પાઠક છે જોડ;
તે તો અમદાવાદી ગોર, ગયો સંગે—૪.
ત્રીજો ગોપીનાથ ગોર, ખંભાતીનો ઘણો તોર;
એ ત્રણેનો છે દોર, કણબી જનમાં—૫.
ગયા ડંડ લેવાને માટ, કાઢો માજી સઘળો કાટ;
નહીં તો થાશે જો ઉતપાત, માહાલીબાઇ—૬.

સાખી ૫.

માનો માહાલીબાઇ તમે, ડંડ ધરો આ ઠામ;
નહીં તો થાશે અવળું, જાણશે બાધું ગામ.

બાધું ગામ રે બાધું ગામ, અનિહાંરે બાધું ગામ;
બાધું ગામ જાણશે વાત, માટે માનો મારાં માત;
નવ વાળો ડોશી દાટ, ટંટો વધશે—૧.

ડોશી કેહે કે નાલુ પૈ, કાંઇ અક્કલ બક્કલ ગઇ ?;
હું તો ડંડ આલુ નહીં, કરશે શું લોક ?—૨.
જમાઇ કાળીદાશની ઓથ, લઇને વાળી જબરી લોથ;
થશે ન્યાતી લોથપોથ, રામણ વાળી !—૩.
એથી વેહેવાર બહાર કરી, મુકી પંચે તેને પરી;
તેની બાંહે કાળીએ ધરી, બંધાયા પક્ષ—૪.
કાળીદાશ પડીયો સામા, ઠાકોરભાઇ ચકાના આમાં;
નાહાનુંભાઇને તો તું ગામાં, અલી ગાનારી—૫.
વજેરામ ભગુના સૂત, બાલો કેસુરજીનો પૂત;
તેણે કેવું જગાવ્યું તૂત, આગળ ગાશું—૬.

સાખી ૬.

ગાશું આગળ વાત તે, કાન ઉઘડવા કાજ;
હમણાં તો નામો સુણો, લઘુ પક્ષ શીર તાજ.

શીર તાજ રે શીર તાજ, અનિહાંરે શીર તાજ;
શીર તાજ છે જે જાણ, તેનાં નામો સરવે ગણ;
નથી એ લોકો અભણ, પણ બાથ ભરી—૧.
સીતના કેશવલાલ બુલાખી, તેણે ભાંગી ન્યાત આખી;
દેવચંદે ટેક રાખી !, ચુનીલાલના પૂત—૨.
ગુલાબચંદ પરભુ ખરા, ચુનીલાલ શામળ જરા;
કેવળ આતમારામ પરા, તે કેમ રહે ?—૩.
એ આદીક સહસ્ત્ર જણ, નાહાની સંખ્યા માહી ભણ;
આગેવાનોનાં નામ ગણ, આગે લખીયાં—૪.
હવે મોટા તડના લોક, કેવી વધારે છે નોક !

કુવી પડાવે છે પોક, તે ધરજો કાન—૫.
તેણે બાંધી સામી હોડ, છે જો મનમાં ભારી કોડ;
હવે ભુલાવશે ખોડ, જીવતાં લગણ—૬.

સાખી ૭.

ખોડ ભુલાવશે સર્વની, ન્યાય કરીને ઠીક;
એહ તણાં નામો કહું, જાણવાને અધીક.
અધીક જાણોરે અધીક જાણો, અનિહાંરે અધીક જાણો;
અધીક જાણો સરવે જંન, જેથી શીતળ થાશે મંન;
પછી કેહેજો ધંન ધંન, પટેલીયાને—૧.
આગેવાન મગનલાલ, લીધી ઢાલ ને તરવાલ;
એ છે હરગોવનનો લાલ, પારેખ પોતે—૨.
ચુનીલાલ અંબારામ, હરકીશને ભીડી હામ;
વધારી મુક્યું છે કામ, સરવે જણે—૩.
ચોથા પ્રાણું વનમાળીદાશ, જેઠા કેવળભાઇ ખાશ;
ફકીરભાઇ રાયજી પાસ, બીજા મળીયા—૪.
જગજીવંનદાશને ભણો, ભીખુભાઇને પણ ગણો;
તોર ઉઘાડપગાનો ઘણો, કેટલા દાખું—૫.
છે જો હજારોનું જૂથ, કાળીદાશની લીધી પૂઠ;
પકડી બેઠા હબસી મૂઠ, તેનું કેમ થાશે !—૬.

સાખી ૮.

કેમ થાશે લધુ જૂથનું, મનમાં લાગ્યો ડર;
વાત ચાલે છે નગ્રમાં, તડની ઘરોઘર.
ઘરો ઘર રે ઘરો ઘર, અનિહાંરે ઘરો ઘર.

ઘરોઘર થાએ છે વાત, મંન વાધ્યો છે ઉચાટ;
હવે કેવો ઘડીએ ઘાટ, પડયા વીચારમાં—૧.
કીધો વીચાર નાહાના તડે, મોટા તડને જે નડે;
નહીં લોક તેને અડે, એવો ઘડીયો ઘાટ—૨.
લાવ્યા વાત એક એવી, તે તો છે જો જોયા જેવી;
પછી મોટા તડને સેહેવી, મન લજવાવે !—૩.
મુકયો મગનલાલ શીર દોષ, મનમાં લાવી ભારે રોષ;
આવી ગયો દીલમાં જોષ, તેની સુણજો વાત—૪.
મગનલાલે ઢેડા પાસ, ઘર રંગાવીયું ખાસ;
તેને થયા થોડા માસ, ન્યાત બહાર કાઢો—૫.
ગયા ભાદરવાની માંહેં, સુદી પાંચેમ છે જ્યાંહે;
મળી મુકયો તેને ત્યાંહેં, મગનભાઇને—૬.

સાખી ૯.

મગનભાઇને મૂકીયા, ન્યાત બહાર તત્કાળ;
હવે મહા યુદ્ધ જાગીયું, તે તું નજરે ન્યાહાળ.

ન્યાહાળો નજરે રે ન્યાહાળો નજરે, અનિહાંરે ન્યાહાળો નજ
ન્યાહાળો નજરે એ ઉતપાત, વધી ગઇ હવે વાત;
ખરાબ થાશે આખી ન્યાત, માનો સાચું—૧.
પડીયાં તડ પાંચમ દીન, પછી રાત્રીમાં પ્રવીન;
એક વાત બની છે ભીંન, મારામારીની—૨.
નાહાના તડનો બાલા કેસુર, તેપર પડીયો ઝાઝો મ્હેસુર;
કેહે છે આવો સામા છે સુર ?, મેથીપાક જમો !—૩.
આવ્યો બાલો વજાને વેર, ત્યાંતો બની લીલાલેહેર !;

નવ રાખી કોઇએ મેહેર, બહુ માર માર્યો—૪

એમ વડા તડપર વાત, આવા તેહેને શીરે ઘાત;
તેનું કાઢવાને કાટ, ફરીયાદ કરી—૫.

બાલો કહે છે મુને માર્યો, સત્તર જણાએ સંહાર્યો;
ઘણા હોવાથી હું હાર્યો, મુને પડીયો માર—૬.

સાખી ૧૦.

માર પડયો સાહેબજી, આણ્યું મુજને માંદ;
નામ બતાવું તેહનાં, આપો મુજને દાદ.

દાદ આપો રે દાદ આપો, અનિહાંરે દાદ આપો;
દાદ આપો માજીસ્ટ્રેટ, મુને વળગ્યા જબરા પ્રેત;
આંણી નાંખત માહારૂં પ્રેત, બહુ રૂધીર ગયું—૧.

મને કાળીયા ગોવને માર્યો, લખા પટેલે સંહાર્યો;
જગજીવન ભગવાને કહાડયો, આટો માહારો—૨.

મોરાર ફકીરચંદ પણ સાથ, લલુ બીજલાલ મારે હાથ;
કેવળ વનમાળી ઓ નાથ !, બહુ જાલમ છે—૩.

કશાન અમીચંદ છોવાળો, નરોતમ ભાણાને ભાળો;
જમના ફકીરે સંહાર્યો, ધબોધબ મારી—૪.

ત્રીભોવન ભીખુનો માર, ઠાકોર ભીખુએ કાઢયો ખાર;
કુબેર પ્રભુએ ખવાડી હાર, અતી માર મારી—૫.

ભીખુ ઇચ્છા છે માહા બળીયો, ફકીર રાયજી છે કળીયો;
ખુશાલ જેરામ તેમાં ભળીયો, દે માર કરે—૬.

સાખી ૧૧.

દે માર દે માર મુખ કહે, વરસ્યો કોપરાપાક;
સેહેજ વાતમાં બચી ગયા, નહીં તો થઇ જાત શાક !.
શાક થતે રે શાક થતે, અનિહાંરે શાક થતે !;
શાક થતે રે સાહેબ, શું કહું સઘળી એબ;
નામો રહ્યાં છે જો બેક, તે તો સુણો રે સાહેબ—૧.
રણછોડ અભેરામ તો ખરો, તેણે કીધો મારો મરો;
ત્રીભોવન મોતીને ધરો, શીક્ષા કરવાને—૨.
તારીખ ચોવીશમી આગષ્ટ, અશાડ સત્તાવીશે કષ્ટ;
કરવા ગયા બાલો નષ્ટ, કોરટ આગે—૩.
કહ્યું માજીસ્ટ્રેટે એમ, હોસ્પિટલમાં કરવા ક્ષેમ;
જાઓ અમારી છે નેમ, તેમ રેહેવાને—૪.
પછી દવાખાનામાં ગયો, વીશ દીન ઉપર તેમાં રહ્યો;
એવો માર તેણે સહ્યો કે, પડીરે ગયો—૫.
એમ વદોયો ડાકટર આપ, એથી વાધ્યો છે સંતાપ;
એમાં ખાધી બાલે થાપ, હારી ઘેર આવ્યો—૬.

સાખી ૧૨.

ઇનસાફમાં તો એમ થયું, સીધા જાઓ ઘેર;
સાબીત ગુનો નથી થતો, સજા કરૂં શી પેર ?.
શી પેરરે શી પેરે, અનિહાંરે 'શી પેરે;
શી પેરે શીક્ષા કરૂં ?, ગુનો કેમ કરીને ધરૂં ?;
માનો તમે મારૂં ખરૂં, સમજી મનમાં—૧.
પછી આવ્યો બાલો ઘેર, નવ કરી હરીએ મેહેર !;

ત્યારે કીધી બીજી પેર, અપીલ કરી--૨.
અપીલ કીધી જજની આગે, પણ ત્યાં શું ટીક્કી લાગે !;
હારી આવ્યા બીજી જાગે, તેની તારીખ કહું—૩.
તારીખ બારમી નવંબરની, સને અરાડ સત્યાશી ધરની;
વાટ લીધી પાછી ઘરની, બાલા કેસુરે—૪.
એમ વાત થઇ ખલાસ, બીજે પડીઓ છે આભાસ;
કજીયાનો ન થયો નાશ, માહા ભોગ મળ્યા !—૫.
બીજી વાત ચાલે છે જેમ, કહી બતાવું છુ તેમ;
તેને રેહેવા દઉં કેમ, જાણી બુઝીને—૬.

સાખી ૧૩.

વાત ચાલે છે એમ જે, મગનભાઇએ છેક;
સંગ કર્યો છે ઢેડિનો, રાખી ઢેડી એક.

ઢેડી રાખીરે ઢેડી રાખી, અનિહાંરે ઢેડી રાખી;
ઢેડી રાખી તેણે એક, એતો વળીયો દાટ છેક;
નવ કીધું તેણે નેક, ધરમ બુડયો--૧.
ગોંસાઇ મીઠા ઢેડ ભઇ, તેની પત્રમાંહીં સહી;
કરી કાગળ લખીયા અંહીં, કણબી જનમાં—૨.
તેમાં લખી વાળ્યું એવું, મારી નારી સાથે કેવું;
મગન કરે જોયા જેવું, એની ખબરજ લો—૩.
એવા પત્રો બનાવી બહુ, ઘેરેઘેર ગયા શું કહું !;
જાણે છે તે વાત સહુ, જન ઘેરેઘેર—૪.
ત્યારે મગન પારેખે ફરી, વાત ગોંસાઇ ઢેડને કરી;
ગોંસાઇ કહે કે હરી ! હરી !, આ તો કેર થયો—૫.

તેણે છપાવી નોટીશ, વેહેંચી લાવી મનમાં રીશ;
ખરૂ ખોટું જાણે ઇશ, કે કેમ થયું—૬.

સાખી ૧૪.

નોટીશ ઘર ઘર વેહેંચી કે, મારા નામનો પત્ર,
બનાવટનો છે સહી, લખનાર લાવો અત્ર.

લાવો અત્રે રે લાવો અત્રે, અનિહાંરે લાવો અત્રે;
અત્રે લાવો પકડી તેહેને, શીક્ષા કરાવું હું એને;
ખરૂં નામ હોય તે કેહેને, સામો આવીને—૧.

એની ચાલે છે પંચાત, વધી ગઇ છે બહુ વાત;
બહુ થઇ છે વિખ્યાત, જગ જાણીતી—૨.

જાગ્યુ એમાંથી એક તૂત, બીજી જાગી કડાકૂટ;
કડવા માંહી પડી ફૂટ, મોટા તડમાંહીં—૩.

તેની વિસ્તારીને વાત, સારી પેઠે ગાવા માટ;
બીજી જગે ઘડીયો ઘાટ, તે ગાવાને—૪.

આ તો લેઉવાજીની કાહાણી, જેમાં મોટી થઇ છે હાણી;
દુખો પાડવા જોડી ઘાણી, તેની કહીંરે કથા—૫.

મંછારામ ઘેલાભાઇ, ગરબો જોડવા કલમ સાહી;
દોષ દેશો માં બાઇ ભાઇ, એમ માગું છું—૬.

કડવા કણબીનો ઝઘડો.

ગરબો.

રાગ લોચન મનના ઝઘડાનો.

કડવાનો ઝઘડો, સુણો સઉ કડવાનો ઝઘડો;
કેવો બન્યો રગડો !, સુણો સઉ—ટેક.

ઓગણીશ સો સત્તાવિમાં, એવી બની એક વાત;
તેથી ઝઘડો ઝામીયો, કહું તેની કથા સાક્ષાત–સુણો–
ઠરાવ એવો કીધલો, કે પરદેશી જે જંન;
આવે આ સૂરતમાં, તેને ન્યાતમાં દેવું અંજન–સુણો–૨.
સવા દશશેર ત્રાંબુ લઈ, દાખલ કરવું નામ;
નોત્રાં તેહને મૂકવાં, નવ બીજું લેવું દામ–સુણો–૩.
તે ઠરાવને તોડીયો, કીધી પક્ષાપક્ષ;
કજીયાખોર જન કોણ છે?, તે ઉપર આપો લક્ષ–સુણો–૪.
અમદાવાદી શેઠીયો, નામે બેહેચરદાશ,
તે સુરતમાં આવીયા, તેણે ઠરાવ કીધો ખાસ–સુણો–૫.
પરદેશી સવા રૂપીયો, આપે ગોરને ત્યાંય;
દેવાં નોત્રાં તેહને, તેને તેડવો ન્યાતી માંય–સુણો–૬.
તે ઠરાવ પણ તોડીયો, નવો કર્યો ઠરાવ;
એકાવન રૂપીયા વિના, નવ લેશું ન્યાતીમાં જાઓ–સુણો–૭.
તમાં મામા માસિના, કીધા રાખી પક્ષ;
મોટાને પડતાં મુકી, કીધો ગરીબ જનનો ભક્ષ–સુણો–૮.

એથી ટંટો વધી પડચો, એક વરસમાં જાણ;
તડ તો પાછાં ઝામીયાં, એથી મોટી થઇ છે હાણ—સુણો—૯.
મોટા તડવાળા મળી, શકત થયા બહુ પેર;
નાહાના તડપર રૂઠીયા, એથી વધ્યું પરસ્પર વેર-સુણો-૧૦.
લીધા પડાવી રૂપીયા, નાહાના તડની પાસ;
ઓચ્છવ ખાવા લાગીયા, એથી નહાના થયા નીરાશ-સુણો-૧૧.
ઓચ્છવમાં નવ તેડીયા, વાંસાણુ પણ નવ દીધ;
વહુ બેટીને બંધ કરી, તેણુ ખોટી હઠ તો લીધ-સુણો-૧૨.
ત્યારે નાહાના તડે મળી, દાવો કીધો એમ;
અપાવો રૂપીયા હમને, મળી જમીએ હમો પણ તેમ-સુણો-૧૩.
એક ફેરા તો નોતરાં, દીધાં જમવા કાજ;
પણ જમ્યા નવ હળીમળી, તેથી ખોઇ જરા એક લાજ-સુણો-૧૪.
ત્યારે રૂપીયા લીધેલા, નાહાના તડે એકવાર;
માન ઘટયું મમત તણું, ત્યારે ઘટચો થોડો એક ભાર-સુણો-૧૫.
એમ એ ઝઘડો ઝામીયો, વર્ષ થયાં ત્યાં સોળ;
નહાનું તડ નરમ પડયું, સમાધાનનું લાવ્યા ડોળ-સુણો-૧૬.
ત્યારે ઉંચા ચઢી ગયા, મોટા તડના છેક;
ઘણા જણે સમજાવીયું, નથી કરતા તમે એ નેક-સુણો-૧૭.
તોપણ મમતે બહુ ચઢયા. લેશ ન માની શીખ !;
પ્રભુ તે ઉપર રૂઠીયો, પછી કેવું થઇ ગયું ઠીક-સુણો-૧૮.
લેઉવામાં તીખળ થયું, તેમાં પડીયાં તડ;
તે ટંટો ઉતરી પડયો, જોની કડવામાંહી ગડગડ-સુણો-૧૯.
ગયો ચકાના પક્ષમાં, સિતવાળો કેશાવ;
તેથી તડમાં તડ પડયું, તેણે ખાધો પછી ઓચ્છવ-સુણો-૨૦

રામદાશવાળા તડે પછી, ભગુ બોડાની સંગ;
મેળાવો જઇને કર્યો, તેણે રાખ્યો સરવનો રંગ—સુણો—૨૧.
જુના તડે નવા તાણી, લીધી જબરી ઓથ;
સોળ વરસે દાખલ થયા, કીધા શત્રુઓને લોથપોથ-સુણો-૨૨.
સિતનું તડ નરમ પડ્યું, ભાંગ્યું સઘળું જોર;
ટંટામાંથી શું મળ્યું ?, શું માર્યો મોટો મોર ?-સુણો-૨૩.
વળી નવું કૌતક કર્યું, સિતવાળે જાણ ત્રાણ;
તેમાં કેશવ અગ્રે છે, સાથે જીવણભાઇને ભાણ-સુણો ૨૪.
હરકીશન સાથે મળી, કીધો ઠરાવ એક;
લેઉવાને દુર રાખવા, નવ રાખવો વેહેવાર છેક-સુણો-૨૫.
ત્યારે લેઉવા કોપીયા, કરો આપણે એમ;
સિતવાળા જાણ ત્રાણને, દૂર તજવા તજ્યા એણે જેમ-સુણો-૨૬
એમ લેઉવા કડવા તણો, સંબંધ તુટયો છેક;
સિતવાળા જાણ ત્રાણને, એ તો પીડા વળગી એક-સુણો-૨૭.
ઇડરીયાને જેમ તજ્યા, તેમ તજ્યા જાણ ત્રાણ;
મમતીયોના દીલ હવે, જુઓ થશે કેવાં ચાણ ચાણ-સુણો-૨૮.
લેઉવા કડવા જન તણો, ઝઘડો વધીયો એમ;
મમત વધ્યો છે અતિ ઘણો, તે તો મુકશે હમણાં કેમ ?-સુણો-૨૯.
હિંદુઓ એમ હારીયા, સંપ વિના થયો નાશ;
અન્યાએ ઝાંખા પડયા, તેને નથી ઉગરવા આશ-સુણો-૩૦.
મંછારામ દેશિ મિત્રજી, દે છે સારી શીખ;
સંપ વધારો સહુ જનો, નહિં તો માગશો નક્કી ભીખ-સુણો-૩૧

સમાપ્ત.